Research Paper

ઔદ્યોગિકરણ માટેની જમીન હસ્તાંતરણનો આર્થિક અભ્યાસ (અમદાવાદ જિલ્લાને કેન્દ્રમાં રાખીને)

(Audhyogikaran Mateni Jamin Hastantaran No Aarthik Abhyas (Ahmedabad Jilla ne Kendrama Rakhine))

Chaudhari Geetaben M

KEYWORDS

- પ્રસ્તાવના :

જમીન એ કુદરતે આપેલી ભેટ છે. પ્રાચીન સમયથી ધનિષ્ઠ વર્ગ ખેતી સાથે સંકળાયેલો છે. સમય અંતરે થયેલ નવી નવી શોધોએ ઔદ્યોગિક ક્રાંતિને જન્મ આપ્યો. ઈંગ્લેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વના મોટા ભાગના બધાં જ દેશોમાં ઔદ્યોગિકરણના મંડાણ શરૂ કર્યાં. જે જે દેશોએ ઔદ્યોગિકરણ અપનાવ્યું તે બધાં જ દેશોએ કુદરતી સંપત્તિના ભોગે ઔદ્યોગિક વિકાસ કર્યો છે. આજે ઝડપી આર્થિક વિકાસ કરવા ઔદ્યોગિકરણને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. ભારતમાં પણ આધુનિક ઔદ્યોગિક વિકાસની શરૂઆત વર્ષ ૧૮૫૪ થી શરૂ થઈ ગઈ છે. ભારતના અગ્રકૃત ગણાતા કાપડ અને શણ ઉદ્યોગ તે સમયના મહત્ત્વના ઉદ્યોગ હતા. ત્યારપછી ઉદ્યોગોનો તીવ્ર ગતિથી વિકાસ થઈ રહ્યો છે.

સ્વતંત્રતા બાદ ૧૯૪૮માં પ્રથમ ઔદ્યોગિક નીતિની ઘોષણા કરવામાં આવી. પ્રથમ પંચવર્ષીય યોજનામાં ભારતીય ઉદ્યોગના વિકાસ માટે ૮% જેટલો ખર્ચ કરવામાં આવ્યો. જ્યારે બીજી યોજના 'મહાલનોબીસ મોડેલ પર' આધારિત યોજનામાં ઔદ્યોગિકરણ પર વધારે બળ આપવામાં આવ્યું. આ યોજનામાં ઔદ્યોગિકરણની વિષમતાને દૂર કરવાના સરાહનીય પ્રયત્નો કરવામાં આવ્યો. ત્યારબાદ ૧૯૯૧ ની ઔદ્યોગિક નીતિમાં ઉદારીકરણ, વૈશ્વિકરણ અને ખાનગીકરણના ક્ષેત્રને પ્રાધાન્ય અપાતા બજારના મુક્ત અર્થતંત્રમાં મુડીરોકાણની છૂટ આપવામાં આવી. ઉદ્યોગોને ૫૧% મુડીરોકાણ કરવાની છૂટ આપવામાં આવી. ઉદ્યોગો માટે નવી આર્થિક નીતિઓએ ઉદ્યોગોને જરૂરી સુવિધાઓ, માળખાગત સગવડો, જમીનો, વીજળી વગેરે ક્ષેત્રે સગવડો આપવામાં આવી રહી છે.

વસ્તીની વૃદ્ધિની સાથે શહેરીકરણની પ્રક્રિયા ગુજરાતમાં તેજરફતારથી ચાલી રહી છે. તેની સાથે ઔદ્યોગિકરણ પણ વધી રહ્યું છે. આજે ઔદ્યોગિકરણમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. વસ્તીની જરૂરિયાત, વસવાટ, આવાસગૃહો, રોડ, રસ્તા, રેલ્વે, હવાઈમથકો, ઔદ્યોગિક વસાહતો વગેરેના વિકાસ માટે જમીનની માંગ વધી રહી છે. જમીનના મર્યાદિત પુરવઠા સામે જમીનની વધતી માંગ જમીન પર દબાણ સર્જે છે. ગુજરાત પ્રાચીન સમયથી ઔદ્યોગિક નગર હોવાથી ત્યાં ઔદ્યોગિક વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો છે. અમદાવાદ શહેરની આજુબાજુના વિસ્તારમાં ઔદ્યોગિકરણ આકાર પામી રહ્યો છે. તેમાં સાણંદ અને બાવળા તાલુકાના વિસ્તારોમાં ઔદ્યોગિકરણના હેતુ માટે વધુ જમીનોનું હસ્તાંતરણ થઈ રહ્યું છે. ઓક્ટોબર ૭, ૨૦૦૮ સિંગુરથી સાણંદ ખાતે ટાટા મોટર્સની ૨૨૦૦ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવી. તેથી આગળ હિલ્વી, મુંબઈ ઔદ્યોગિક કોરીડોર માટે 'સર' અને 'સેઝ' માટે વધુ ને વધુ જમીનો હસ્તાંતરણ થઈ રહી છે.

- અમદાવાદ તેની જૂની ટેક્ષટાઈલ ઓળખાણ છોડીને ઓટોહબ બનવા જઈ રહ્યું છે. સાણંદ તાલુકામાં ટાટા મોટર્સને ૨૨૦૦ હેક્ટર જમીન સંપાદન થઈ ત્યારબાદ ફોર્ડ, હિતાચી, પ્યુજો વગેરે કંપનીઓને તેની આજુબાજુના વિસ્તારોમાં ખેતીની જમીનો હસ્તાંતરણ કરવામાં આવી રહી છે. તેવું બાળવા તાલુકામાં અમદાવાદ રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગના આજુબાજુમાં કેરાલા, જી.આઈ.ડી.સી., નિરમા, ઉત્તમ, કે ડીલા વગેરે કંપનીઓને જમીન હસ્તાંતરણ કે વેચાણ થઈ રહેલ છે. તે ઉપરાંત આ વિસ્તારમાં ઔદ્યોગિક હબ ઉભું થઈ રહ્યું છે. તેમાં વધુને વધુ ખેતીની જમીનો હસ્તાંતરણ કે વેચાણ થઈ રહી છે.

- સમસ્યા કથન : ભારતમાં આધુનિક ઔદ્યોગિક વિકાસની શરૂઆત ૧૮૫૦ થી થઈ. પરંતુ આઝાદી બાદ ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ સતત વધતો જાય છે. ત્યારબાદ ૧૯૯૧ની નવી ઔદ્યોગિક નીતિ પછી ઔદ્યોગિકરણની પ્રક્રિયા તેજ ગતિથી વિકાસ પામી રહી છે. ઔદ્યોગિકરણના નિર્માણ માટે જમીનની માંગ વધતી જાય છે. ભારત અને ગુજરાતમાં ઔદ્યોગિકરણ માટે જમીનો વધુને વધુ હસ્તાંતરણ કે વેચાણ થઈ રહી છે.

- ભારતના માન્ચેસ્ટર તરીકે અમદાવાદ વિશ્વના નકશામાં પોતાનું સ્થાન એક ઔદ્યોગિક નગર તરીકે પ્રસ્થાપિત કરી દીધું છે. રાજ્યમાં વસ્તી વૃદ્ધિની સાથે શહેરીકરણની પ્રક્રિયા તેજરફતારથી ચાલે છે. શહેરીકરણની સાથે ઔદ્યોગિકરણની પ્રક્રિયા ઝડપભેર વિકાસ પામી રહી છે. ૨૦૦૮માં સિંગુરથી સાણંદ ખાતે તાતા મોટર્સને ૨૨૦૦ હેક્ટર જમીન હસ્તાંતરણ કરી ત્યારબાદ તેની આજુ-બાજુના વિસ્તારમાં ફોર્ડ, હિતાચી, પ્યુજો, ઓટોપાર્ટ્સ કંપનીઓ વગેરેને જમીન હસ્તાંતરણ કરવામાં આવી છે. એજ પ્રમાણે બાવળા તાલુકામાં છેલ્લા ઘણા વર્ષોથી કેરાલા જી.આઈ.ડી.સી., પટેલ, ઉત્તમ, કે ડીલા વગેરે કંપનીઓને જમીનો હસ્તાંતરણ કે વેચાણ કરવામાં આવેલ છે. જમીનના મર્યાદિત પુરવઠા સામે જમીનના વિવિધ ઉપયોગ અર્થે વધતી માંગ જમીન પર દબાણ ઊભું કરે છે. જમીન હસ્તાંતરણ કે વેચાણ માટે કયા-કયા પરિબળો જવાબદાર છે? ખેડૂતોની આર્થિક સ્થિતિ કેવી છે? જમીન હસ્તાંતરણ કે વેચાણના વળતર (નાણાં) ના ઉપયોગ અંગેની ખેડૂતો માહિતગાર છે? હસ્તાંતરણ કે વેચાણ પહેલાંની અને પછીની ખેડૂતોની આર્થિક સ્થિતિ કેવી છે? જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી ખેડૂતોને કઈ-કઈ સમસ્યાઓ છે? આ બધા જ પ્રશ્નોના ઉકેલ માટે પ્રસ્તુત સંશોધન અભ્યાસ આવશ્યક જણાયો. સમગ્ર ખેડૂતોને જમીનની ઉપયોગીતાની સમજ કેળવાય તે જરૂરી છે. ઔદ્યોગિકરણ બિનફળદ્રુપ જમીનમાં નિર્માણ પામે અને ખેતીની જમીનમાં ખેતી થાય તે જરૂરી છે. તે સંદર્ભે આર્થિક દૃષ્ટિએ આ સંશોધન અભ્યાસ જરૂરી છે.

- સંશોધન અભ્યાસના હેતુઓ :

૧. ભારત અને ગુજરાતમાં જમીન હસ્તાંતરણના અનુભવો અને અસરો તપાસવી.

- અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકાની જમીન હસ્તાંતરણ પ્રવૃત્તિથી પ્રભાવિત થયેલ ખેડૂતોની આર્થિક સ્થિતિ તપાસવી.

- સંશોધન અભ્યાસની પરિકલ્પનાઓ :

૧. ખેડૂતોને જૂના વિસ્તારની તુલનામાં નવા વિસ્તારમાં જમીનનું ધારણ પ્રમાણ વધુ છે.

- નિદર્શ એકમની પસંદગી : આ સંશોધન અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા ખેડૂતોની પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરેલ છે. આ અભ્યાસમાં પસંદ કરેલ સાણંદ અને બાવળા તાલુકાના કુલ બાર (૧૨) ગામ પસંદ કરવામાં આવ્યા છે. જેમાં સાણંદ તાલુકાના (૭) સાત ગામ, બોળ, ચરલ, દીગપુર, છારોડી, શિયાવાળા, કલાણા અને ખોડા. બાવળા તાલુકાના (૫) પાંચ ગામ કેરાલા, ચિયાડા, ભાયલા, ગાંગડ અને જુવાલ-રૂપાવટી ગામની પસંદગી કરવામાં આવી છે. સાણંદ તાલુકાના સાત ગામમાંથી ૧૯૦ ખેડૂતો અને બાવળા તાલુકાના પાંચ ગામમાંથી ૨૫૦ ખેડૂતોને ખેડૂત પ્રકાર મુજબ જનિદર્શ એકમ તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. નિદર્શ પસંદગી બાદ નક્કી કરેલા નિદર્શનું સર્વેક્ષણ પ્રશ્નાવલી પધ્ધતિથી કરવામાં આવેલ છે.

* ખેડૂતોની જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી વધેલ મૂળ માલિકીની જમીનનું પ્રમાણ :

ખેડૂતોની જમીન હસ્તાંતરણ કે વેચાણ થયા પછી ગામમાં વધેલ મૂળમાલિકીની જમીનના પ્રમાણની માહિતી દર્શાવેલ છે. જેને સાત ભાગમાં વિભાજીત કરવામાં આવી જે એ વિશેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

કોષ્ટક-૧ ખેડૂતોની જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી વધેલ મૂળ માલિકીની જમીનનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

તાલુકા	ખેડૂત									
		૧ હેક્ટર સુધી	૧ થી ૨ હેક્ટર	૨ થી ૩ હેક્ટર	૩ થી ૪ હેક્ટર	૪ થી ૫ હેક્ટર	૫ થી ૧૦ હેક્ટર	૧૦ હેક્ટરથી વધુ	જમીન નથી	કુલ
સાણંદ	સીમાંત ખેડૂત	૦	૦	૦	૦	૦			૫૬	૫૬
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%			૧૦૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%			૪૦.૦%	૨૯.૫%
	નાના ખેડૂત	૦	૦	૦	૦	૦			૬૧	૬૧
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%			૧૦૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%			૪૩.૬%	૩૨.૧%
	મધ્યમ ખેડૂત	૨૨	૧૩	૪	૧	૦			૨૩	૬૩
		૩૪.૯%	૨૦.૬%	૬.૩%	૧.૬%	૦.૦%			૩૬.૫%	૧૦૦.૦%
		૮૮.૦%	૮૧.૩%	૬૬.૯%	૫૦.૦%	૦.૦%			૧૬.૪%	૩૩.૨%
	મોટા ખેડૂત	૩	૩	૨	૧	૧			૦	૧૦
		૩૦.૦%	૩૦.૦%	૨૦.૦%	૧૦.૦%	૧૦.૦%			૦.૦%	૧૦૦.૦%
		૧૨.૦%	૧૮.૮%	૩૩.૩%	૫૦.૦%	૧૦૦.૦%			૦.૦%	૫.૩%
	કુલ	૨૫	૧૬	૬	૨	૧			૧૪૦	૧૯૦
		૧૩.૨%	૮.૪%	૩.૨%	૧.૧%	૦.૫%			૭૩.૭%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%			૧૦૦.૦%	૧૦૦.૦%

બાવળા	સીમાંત ખેડૂત	૧	૦	૦	૦	૦	૦	૦	૪૫	૪૬
		૨.૨%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૯૭.૮%	૧૦૦.૦%
		૩.૨%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૨.૯%	૧૮.૪%
	નાના ખેડૂત	૨૪	૫	૦	૦	૦	૦	૦	૫૪	૮૩
		૨૮.૯%	૬.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૬૫.૧%	૧૦૦.૦%
		૭૭.૪%	૨૯.૪%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૧.૪%	૩૩.૨%
	મધ્યમ ખેડૂત	૬	૧૨	૯	૯	૫	૮	૦	૬	૫૫
		૧૦.૯%	૨૧.૮%	૧૬.૪%	૧૬.૪%	૯.૧%	૧૪.૫%	૦.૦%	૧૦.૯%	૧૦૦.૦%
		૧૬.૪%	૭૦.૬%	૮૧.૮%	૬૯.૨%	૩૮.૫%	૧૪.૮%	૦.૦%	૫.૭%	૨૨.૦%
	મોટા ખેડૂત	૦	૦	૨	૪	૮	૪૬	૬	૦	૬૬
		૦.૦%	૦.૦%	૩.૦%	૬.૧%	૧૨.૧%	૬૯.૭%	૯.૧%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૧૮.૨%	૩૦.૮%	૬૧.૫%	૮૫.૨%	૧૦૦.૦%	૦.૦%	૨૬.૪%
	કુલ	૩૧	૧૭	૧૧	૧૩	૧૩	૫૪	૬	૧૦૫	૨૫૦
		૧૨.૪%	૬.૮%	૪.૪%	૫.૨%	૫.૨%	૨૧.૬%	૨.૪%	૪૨.૦%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%
કુલ	સીમાંત ખેડૂત	૧	૦	૦	૦	૦	૦	૦	૧૦૧	૧૦૨
		૧.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૯૯.૦%	૧૦૦.૦%
		૧.૮%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૧.૨%	૨૩.૨%
	નાના ખેડૂત	૨૪	૫	૦	૦	૦	૦	૦	૧૧૫	૧૪૪
		૧૬.૭%	૩.૫%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૭૯.૯%	૧૦૦.૦%
		૪૨.૯%	૧૫.૨%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૬.૯%	૩૨.૭%
	મધ્યમ ખેડૂત	૨૮	૨૫	૧૩	૧૦	૫	૮	૦	૨૬	૧૧૮
		૨૩.૭%	૨૧.૨%	૧૧.૦%	૮.૫%	૪.૨%	૬.૮%	૦.૦%	૨૪.૬%	૧૦૦.૦%
		૫૦.૦%	૭૫.૮%	૭૬.૫%	૬૬.૭%	૩૫.૭%	૧૪.૮%	૦.૦%	૧૧.૮%	૨૬.૮%
	મોટા ખેડૂત	૩	૩	૪	૫	૯	૪૬	૬	૦	૭૬
		૩.૯%	૩.૯%	૫.૩%	૬.૬%	૧૧.૮%	૬૦.૫%	૭.૯%	૦.૦%	૧૦૦.૦%
		૫.૪%	૯.૧%	૨૩.૫%	૩૩.૩%	૬૪.૩%	૮૫.૨%	૧૦૦.૦%	૦.૦%	૧૭.૩%
	કુલ	૫૬	૩૩	૧૭	૧૫	૧૪	૫૪	૬	૨૪૫	૪૪૦
		૧૨.૭%	૭.૫%	૩.૯%	૩.૪%	૩.૨%	૧૨.૩%	૧.૪%	૫૫.૭%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%

સાણંદ તાલુકામાં જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી સીમાંત કે નાના ખેડૂતો પૈકીનાં એકપણ ખેડૂત હવે તેમનાં ગામમાં જમીન ધરાવતા નથી. જ્યારે મધ્યમ ખેડૂતો પૈકિનાં ૩૪.૯ ટકા ખેડૂતો એક હેક્ટર જેટલી જમીન ગામમાં ધરાવે છે. જ્યારે ૬૬.૫ ટકા ખેડૂતો ગામનાં જમીન ધરાવતા નથી. મોટા ખેડૂતો પૈકીના ૨૦% ખેડૂતો ૩ થી ૫ હેક્ટર સુધી ગ-ામમાં ધરાવે છે. બાકીના ખેડૂતોની જમીન ૩ હેક્ટરથી ઓછી જમીન ગામમાં જોવા મળે છે. આ પરિસ્થિતિ બાવળા તાલુકામાં કાંઈક જુદી જોવા મળેલ છે. ૭૦ ટકા મોટા ખેડૂતો હજુ પણ ૧૦ હેક્ટર સુધી જમીન ગામમાં ધરાવે છે. બાવળા તાલુકામાં કુલ ખેડૂતો પૈકીનાં ૯૭.૮ ટકા સીમાંત ખેડૂતો, ૬૫.૧ ટકા નાના ખેડૂતો અને ૧૦.૯ ટકા મધ્યમ ખેડૂતોની જમીનો ગામમાં વધેલ નથી. સમગ્રતઃ નિરિક્ષણ કરતાં જણાય આવે છે કે જમીન હસ્ત-ાંતરણ કે વેચાણ પછી તમામ પ્રકારના ખેડૂતો હવે પોતાનાં ગામમાં અત્યંત મર્યાદિત જમીન પ્રમાણ ધરાવે છે.

* જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી નવી ખરીદેલ જમીનનું પ્રમાણ : ખેડૂતોએ જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી તેમની વધેલી જમીન ઉપરાંત નવી ખરીદેલ જમીનના પ્રમાણ-ી માહિતી દર્શાવેલ છે જે અંગેની વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

કોષ્ટક-૨ જમીન હસ્તાંતરણ કે વેચાણ પછી નવી ખરીદેલ જમીનનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક

તાલુકા	ખેડૂત								
		૧ હેક્ટર સુધી	૧ થી ૨ હેક્ટર	૨ થી ૩ હેક્ટર	૩ થી ૪ હેક્ટર	૪ થી ૫ હેક્ટર	૫ થી ૧૦ હેક્ટર	૧૦ હેક્ટરથી વધુ	જમીન નથી	કુલ
સાણંદ	સીમાંત ખેડૂત	૨૯	૦	૦	૦	૦	૦	૦	૨૭	૫૬
		૫૧.૮%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૮.૨%	૧૦૦.૦%
		૪૨.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૬૨.૮%	૨૯.૫%
	નાના ખેડૂત	૪૦	૨	૧	૨	૦	૦	૦	૧૬	૬૧
		૬૫.૬%	૩.૩%	૧.૬%	૩.૩%	૦.૦%	૦.૦%	૦.૦%	૨૬.૨%	૧૦૦.૦%
		૫૮.૦%	૧૦૦.૦%	૧૬.૭%	૧૬.૭%	૦.૦%	૦.૦%	૦.૦%	૩૭.૨%	૩૨.૧%
	મધ્યમ ખેડૂત	૦	૦	૫	૯	૮	૩૬	૫	૦	૬૩
		૦.૦%	૦.૦%	૭.૯%	૧૪.૩%	૧૨.૭%	૫૭.૧%	૭.૯%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૮૩.૩%	૭૫.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૩૫.૭%	૦.૦%	૩૩.૨%
	મોટા ખેડૂત	૦	૦	૦	૧	૦	૦	૯	૦	૧૦
		૦.૦%	૦.૦%	૦.૦%	૧૦.૦%	૦.૦%	૦.૦%	૯૦.૦%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૮.૩%	૦.૦%	૦.૦%	૬૪.૩%	૦.૦%	૫.૩%
	કુલ	૬૯	૨	૬	૧૨	૮	૩૬	૧૪	૪૩	૧૯૦
		૩૬.૩%	૧.૧%	૩.૨%	૬.૩%	૪.૨%	૧૮.૯%	૭.૪%	૨૨.૬%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%
બાવળા	સીમાંત ખેડૂત	૧૬	૦	૦	૦	૦	૦	૦	૩૦	૪૬
		૩૪.૮%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૬૫.૨%	૧૦૦.૦%
		૩૧.૪%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૦.૫%	૧૬.૪%
	નાના ખેડૂત	૨૯	૧૦	૧	૦	૦	૦	૦	૪૩	૮૩
		૩૪.૯%	૧૨.૦%	૧.૨%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૧.૮%	૧૦૦.૦%
		૫૬.૯%	૫૫.૬%	૧૨.૫%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૮.૧%	૩૩.૨%
	મધ્યમ ખેડૂત	૬	૮	૭	૧૦	૫	૧૭	૧	૧	૫૫
		૧૦.૯%	૧૪.૫%	૧૨.૭%	૧૮.૨%	૯.૧%	૩૦.૯%	૧.૮%	૧.૮%	૧૦૦.૦%
		૧૧.૮%	૪૪.૪%	૮૭.૫%	૧૦૦.૦%	૭૧.૪%	૩૦.૪%	૩.૮%	૧.૪%	૨૨.૦%
	મોટા ખેડૂત	૦	૦	૦	૦	૨	૩૯	૨૫	૦	૬૬
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૩.૦%	૫૯.૧%	૩૭.૯%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૨૮.૬%	૬૯.૬%	૯૬.૨%	૦.૦%	૨૬.૪%
	કુલ	૫૧	૧૮	૮	૧૦	૭	૫૬	૨૬	૭૪	૨૫૦
		૨૦.૪%	૭.૨%	૩.૨%	૪.૦%	૨.૮%	૨૨.૪%	૧૦.૪%	૨૯.૬%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%

કુલ	સીમાંત ખેડૂત	૪૫	૦	૦	૦	૦	૦	૦	૫૭	૧૦૨
		૪૪.૧%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૫.૯%	૧૦૦.૦%
		૩૭.૫%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૮.૭%	૨૩.૨%
	નાના ખેડૂત	૬૯	૧૨	૨	૨	૦	૦	૦	૫૯	૧૪૪
		૪૭.૯%	૮.૩%	૧.૪%	૧.૪%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૧.૦%	૧૦૦.૦%
		૫૭.૫%	૬૦.૦%	૧૪.૩%	૯.૧%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૦.૪%	૩૨.૭%
	મધ્યમ ખેડૂત	૬	૮	૧૨	૧૯	૧૩	૫૩	૬	૧	૧૧૮
		૫.૧%	૬.૮%	૧૦.૨%	૧૬.૧%	૧૧.૦%	૪૪.૯%	૫.૧%	૦.૮%	૧૦૦.૦%
		૫.૦%	૪૦.૦%	૮૫.૭%	૮૬.૪%	૮૬.૭%	૫૭.૬%	૧૫.૦%	૦.૯%	૨૬.૮%
	મોટા ખેડૂત	૦	૦	૦	૧	૨	૩૯	૩૪	૦	૭૬
		૦.૦%	૦.૦%	૦.૦%	૧.૩%	૨.૬%	૫૧.૩%	૪૪.૭%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૪.૫%	૧૩.૩%	૪૨.૪%	૮૫.૦%	૦.૦%	૧૭.૩%
	કુલ	૧૨૦	૨૦	૧૪	૨૨	૧૫	૯૨	૪૦	૧૧૭	૪૪૦
		૨૭.૩%	૪.૫%	૩.૨%	૫.૦%	૩.૪%	૨૦.૯%	૯.૧%	૨૬.૬%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%

ગામની જમીન હસ્તાંતરણ કે વેચાણ થયા પછી ખેડૂતોએ દૂરનાં પ્રદેશોમાં જમીનો ખરીદી કર્યાનું અભ્યાસમાં જણાયું છે. આ ખેડૂતોની ગામની મૂળમાલિકીની જમીન અને ગામની બહાર નવી ખરીદેલ જમીનનો સરવાળો કરીને કુલ જમીન ધારણ પ્રમાણ જોતાં જણાયું કે સાણંદ તાલુકામાં ૫૧.૮ ટકા સીમાંત ખેડૂતો એક હેક્ટર સુધીની જમીન ધરાવે છે. જ્યારે ૯૦ ટકા મોટા ખેડૂતો એવા પણ જણાયા હતા જેઓ ૧૦ હેક્ટરથી વધુ જમીનો ધરાવે છે. નાના અને મધ્યમ ખેડૂતોની જમીન ધારણ પ્રમાણ પણ વધેલુ જણાયું છે. બાવળા તાલુકામાં કુલ ખેડૂતો પૈકીના ૨૦.૪ ટકા એક હેક્ટર સુધી જમીન ધરાવે છે. જ્યારે ૨૨.૪ ટકા ખેડૂતો ૫ થી ૧૦ હેક્ટર જમીન ધરાવે છે. આમ, જમીન હસ્તાંતરણ કે વેચાણ થયા પછી નવી ખરીદેલ જમીનનું પ્રમાણ તમામ ખેડૂત સમૂહમાં વધારે જણાયું છે.

૬.૫.૩ જમીન હસ્તાંતરણ કે વેચાણ પહેલાનો અને પછીનો તુલનાત્મક અભ્યાસ : ખેડૂતોએ નવી ખરીદેલ જમીનનું પ્રમાણ ૬ વિભાગમાં વિભાજીત કરેલ છે. જે અંગેનું કોષ્ટક નીચે મુજબ દર્શાવેલ છે.

કોષ્ટક જમીન હસ્તાંતરણ કે વેચાણ પહેલાનો અને પછીનો તુલનાત્મક અભ્યાસ દર્શાવતું કોષ્ટક

તાલુકા	ખેડૂત								
		૧ હેક્ટર સુધી	૧ થી ૨ હેક્ટર	૨ થી ૩ હેક્ટર	૩ થી ૪ હેક્ટર	૪ થી ૫ હેક્ટર	૫ થી ૧૦ હેક્ટર	૧૦ હેક્ટરથી વધુ	જમીન નથી	કુલ
સાણંદ	૧ હેક્ટર સુધી	૪૫	૦	૦	૦	૦	૦	૦	૫૭	૧૦૨
		૪૪.૧%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૫.૯%	૧૦૦.૦%
		૩૭.૫%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૮.૭%	૨૩.૨%
	૧ થી ૨ હેક્ટર	૬૯	૧૨	૨	૨	૦	૦	૦	૫૯	૧૪૪
		૪૭.૯%	૮.૩%	૧.૪%	૧.૪%	૦.૦%	૦.૦%	૦.૦%	૪૧.૦%	૧૦૦.૦%
		૫૭.૫%	૬૦.૦%	૧૪.૩%	૯.૧%	૦.૦%	૦.૦%	૦.૦%	૫૦.૪%	૩૨.૭%
	૨ થી ૩ હેક્ટર	૫	૩	૨	૧	૦	૦	૦	૦	૧૧
		૪૫.૫%	૨૭.૩%	૧૮.૨%	૯.૧%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૧૦૦.૦%
		૪.૨%	૧૫.૦%	૧૪.૩%	૪.૫%	૦.૦%	૦.૦%	૦.૦%	૦.૦%	૨.૫%
	૩ થી ૪ હેક્ટર	૧	૨	૭	૧૦	૬	૬	૦	૧	૩૩
		૩.૦%	૬.૧%	૨૧.૨%	૩૦.૩%	૧૮.૨%	૧૮.૨%	૦.૦%	૩.૦%	૧૦૦.૦%
		૦.૮%	૧૦.૦%	૫૦.૦%	૪૫.૫%	૪૦.૦%	૬.૫%	૦.૦%	૦.૯%	૭.૫%
	૪ થી ૫ હેક્ટર	૦	૧	૩	૫	૩	૧૧	૦	૦	૨૩
		૦.૦%	૪.૩%	૧૩.૦%	૨૧.૭%	૧૩.૦%	૪૭.૮%	૦.૦%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૫.૦%	૨૧.૪%	૨૨.૭%	૨૦.૦%	૧૨.૦%	૦.૦%	૦.૦%	૫.૨%
	૫ થી ૧૦ હેક્ટર	૦	૨	૦	૩	૫	૩૮	૬	૦	૫૪
		૦.૦%	૩.૭%	૦.૦%	૫.૬%	૯.૩%	૭૦.૪%	૧૧.૧%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૧૦.૦%	૦.૦%	૧૩.૬%	૩૩.૩%	૪૧.૩%	૧૫.૦%	૦.૦%	૧૨.૩%
	૧૦ હેક્ટરથી વધુ	૦	૦	૦	૧	૧	૩૭	૩૪	૦	૭૩
		૦.૦%	૦.૦%	૦.૦%	૧.૪%	૧.૪%	૫૦.૭%	૪૬.૬%	૦.૦%	૧૦૦.૦%
		૦.૦%	૦.૦%	૦.૦%	૪.૫%	૬.૭%	૪૦.૨%	૮૫.૦%	૦.૦%	૧૬.૬%
	કુલ	૧૨૦	૨૦	૧૪	૨૨	૧૫	૯૨	૪૦	૧૧૭	૪૪૦
		૨૭.૩%	૪.૫%	૩.૨%	૫.૦%	૩.૪%	૨૦.૯%	૯.૧%	૨૬.૬%	૧૦૦.૦%
		૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%	૧૦૦.૦%

જમીન હસ્તાંતરણ/વેચાણ પહેલા કુલ માલિકીની જમીનને વિવિધ સમૂહો જેવા કે ૧ હેક્ટર સુધી, ૧ થી ૨, ૨ થી ૩, ૩ થી ૪, ૪ થી ૫, ૫ થી ૧૦ અને ૧૦ થી વધુ હેક્ટર તે પ્રમાણેનાં સમૂહમાં વર્ગીકૃત કરેલ છે. હવે આ વિવિધ ખેડૂત સમૂહોમાં જમીન હસ્તાંતર કે વેચાણ પછી વર્તમાન સમયમાં ખેડૂતો દ્વારા દૂર દૂરનાં પ્રદેશમાં જમીનોની ખરીદી કરેલ માલૂમ પડે છે. આમ જમીન હસ્તાંતરણ કે વેચાણ પહેલાનાં સમયને ૦ કહીએ અને જમીન હસ્તાંતરણ કે વેચાણ પછીનાં સમયને ૧ સમય કહીએ તો ખેડૂતોની કુલ જમીન માલિકીનાં બે બંને સમય માટેનાં વિવિધ ગ્રુપોની તુલના પણ રસપ્રદ બની રહેશે. અહીં આડી હાર ૧ સમય માટે એટલે કે હસ્તાંતરણ કે વેચાણ પછીની કુલ માલિકીની જમીન છે. જ્યારે ૦ સમય માટે વેચાણ હસ્તાંતર કે વેચાણ પહેલાની જમીનને અહીં શ્રેણીમાં દર્શાવેલ છે. જેની તુલના કરતાં જણાય છે કે એકંદરે ૦ ની તુલનામાં ૧ માં જમીન ધારણાના વધુ પ્રમાણ એટલે કે વધારે જમીન માલિકી સમૂહમાં વધુ ખેડૂતો છે એટલે કે ૦ ની તુલનામાં ૧ માં જમીન માલિકી પ્રમાણ વધ્યું છે તેમ કહી શકાય.

પ્રસ્તુત કોષ્ટક જમીન હસ્તાંતરણ કે વેચાણ પહેલા જમીન ધારણ અને હસ્તાંતરણ કે વેચાણ પછીનાં જમીન ધારણ વચ્ચેનો સંબંધ દર્શાવતું કોષ્ટક છે. જેના અવલોકનથી જણાય આવે છે કે મોટા ભાગનાં ખેડૂતો જમીન હસ્તાંતરણ કે વેચાણ પહેલા જે જમીન ધારણ કે વેચાણ કરતા હતા તેના કરતા હસ્તાંતરણ કે વેચાણ પછી જમીન ધારણ પ્રમાણ વધુ હતું અત્યંત મર્યાદિત અથવા અપવાદરૂપ કિસ્સામાંજ ખેડૂતો વેચાણ કે હસ્તાંતરણ પહેલા જેટલી જમીન ધારણ કરતા હતા અથવા તેના કરતા ઓછી જમીન ધારણ કરતા જણાયા હતા. આ કોષ્ટકનો એક ઉદ્દેશ તે સંશોધનની પરિકલ્પના પરિક્ષણનો પણ છે.

- ઉપસંહાર :

માનવીના ઉત્પત્તિકાળથી સમય જતાં નવી-નવી શોધો થતી ગઈ. માનવીનું આર્થિક જીવન અસ્તિત્વમાં આવતાં રોબિન્સના સિદ્ધાંત પ્રમાણે, માનવીની અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા મર્યાદિત સાધનોના ઉપયોગને પહોંચી વળવા નાના અને ગૃહઉદ્યોગોની શરૂઆત થઈ. ત્યારબાદ ઔદ્યોગિક વિકાસ સતત વધતો ગયો. આર્થિક વિકાસ અને વૃદ્ધિની

ક્ષેત્રમાં કુદરતી સંશોધનોનો ભોગ લેવાઈ રહ્યો છે. જમીન એ કુદરતે આપેલી ભેટ છે. ભારત અને ગુજરાતમાં વસ્તી વૃદ્ધિ, શહેરીકરણની વધતી પ્રક્રિયાની સાથે સાથે ઔદ્યોગિકરણની ગતિને વેગ મળી રહ્યો છે. તેની સાથે જમીનના વિવિધ ઉપયોગ અર્થે જમીનની માંગ વધી રહી છે. શહેરોના વિસ્તારમાં વધારો, રોડ, રસ્તા, રેલ્વે, રહેઠાણ, આવાસગૃહો, ઔદ્યોગિક વસાહતો વગેરે માટે જમીનની માંગ સતત વધી રહી છે. જે માટે જમીનો વધુને વધુ હસ્તાંતરણ કે વેચાણ થઈ રહી છે. ઔદ્યોગિક એકમના હબ ઊભા કરવાની ઘેલછા અમૂલ્ય કુદરતી ભેટને કેવો આકાર આપશે, તે વર્તમાન નીતિ નક્કી કરશે.જ